# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૫૪ તા. ૫-૮-૧૫**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે તમારી શાળાનાં બેંક ખાતામાં સ્વચ્છ ભારત મિશન અન્વયે એપ્રિલ-૨૦૧૫ થી જુલાઈ-૨૦૧૫ સુધીનાં ૪ માસના રૂા.૭૨૦૦/- (૧ માસના રૂા.૧૮૦૦/- લેખે) પૂરા જમા આપવામાં આવેલ છે.

સદર નાણાંનો ખર્ચ સ્વચ્છ શાળા અભિયાન અન્વયે નીચેની શરતોને આધિન રહી કરવાનો રહેશે.

૧. સદર નાણાંનો ખર્ચ નીચે દર્શાવેલ સ્વચ્છતા વિષયકસાધન સામગ્રી ખરીદવા માટે જ કરવાનો રહેશે. (૧) એસિડ (૨) ફિનાઈલ (૩) કપુરની ગોળીઓ (૪) સાવરણી/સાવરણા (૫) ડોલ (૬) નાની ડોલ અને (૭) સેનીટેશન યુનિટની સ્વચ્છતા માટેનું બ્રશ આ સાધન સામગ્રીનો ખર્ચ પ્રતિમાસ રૂા.૯૦૦/- ગ્રાન્ટમાંથી બચત રહે તેમાંથી કરવાનો રહેશે.

૨. સાધન સામગ્રીની ખરીદી સરકાર માન્ય પદ્ધતિ અનુસાર સરકાર માન્ય સંસ્થા કે સ્થાનિક વિક્રેતા મારફતે કરવાની રહેશે.

૩. સદર નાણાં જે હેતુ માટે આપવામાં આવેલ છે. તેના હેતુ માટે જ કરવાનો રહેશે.

૪. સદરહુ નાણાં સ્વચ્છતા વિષય સાધન સામગ્રી માટે જ ખર્ચ કરવાનો રહેશે તેમજ સંકુલની સાફસફાઈ માટે માણસ રોકી, મહેનતાણું આપી સાફસફાઈ કરાવવાનું રહેશે.

૫. સ્વચ્છતા અભિયાન અંતર્ગત આવેલ નાણાંનો હિસાબ અલગથી રાખવો તથા તેની માસવાર માહિતી તૈયાર કરવી. જયારે ઓફિસ માહિતી માંગે ત્યારે હિસાબ સત્વરે આપવાનો રહેશે.

૬. પ્રતિમાસ જેમની પાસે સાફ સફાઈ કરાવવામાં આવે તેમને રૂા.૯૦૦/- લેખે પ્રતિમાસ સ્વચ્છતા મિશનની ગ્રાન્ટમાંથી નાણાં ચૂકવવાના રહેશે તથા જેમને પગારમાં રૂા.૪૫૦/- મળે છે તેમને રોકડ ચૂકવવાના હોવાથી બેંક એકાઉન્ટ બંધ કરવાનું રહેશે. એપ્રિલ-૧૫ થી જુલાઈ-૧૫નાં સફાઈ કામદારને રૂા.૪૫૦/- પ્રતિ માસ ચૂકવ્યા છે તેમને સ્વચ્છતા મિશનની ગ્રાન્ટ આવવાથી વધારાના બીજા રૂા.૪૫૦/- રોકડા ચૂકવવા. ચાર માસના કુલ દરેકને રૂા.૧૮૦૦/- ચૂકવવાના થાય છે. તે રીતે ચૂકવી દેવાના છે.

૭. ઓગષ્ટ-૧૫થી મ્યુનિ. શાળાઓમાં જે વ્યક્તિઓ પાસે શાળા સફાઈ કરાવવામાં આવે છે તેઓને માસિક ઉચ્ચક રૂા.૯૦૦/- ની મર્યાદામાં રોકડા ચૂકવી વાઉચર પર સહી તથા તારીખ લખાવવી.

તા. ૫ -૮-૧૫

ડૉ. એલ. ડી. દેસાઈ<br>શાસનાધિકારી